# યુનિવર્સિટી ન્યૂઝ

## M.Phil.



યુનિવર્સિટીના જે.પી. દાવર ઈન્સ્ટીટયુટ ઓફ ઈનફરમેશન સાયન્સ એન્ડ ટેકનોલોજીના આસિ. પ્રોફે. દિલ્બર ગુલીસ્તાને The Classical Strain in Philip Larkin's Poetry with Reference to the Less Decieved, the whitsun weddings and High windows શીર્ષક તળે લઘુશોધ નિબંધ પ્રસ્તુત કરેલ. જેને યુનિવર્સિટીએ માન્ય રાખી M.Phil. (English)ની ડિગ્રી એનાયત કરી છે. અભિનંદન

## નવરાત્રી



યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગમાં નવરાત્રી પર્વ નિમિત્તે તા. ૩૦-૯-૨૦૧૧ના રોજ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની ઉપસ્થિતિમાં ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## સ્પર્ધા



નોર્થ મહારાષ્ટ્રા યુનિવર્સિટી, જલગાવ મુકામે આંતર યુનિવર્સિટી કબડ્ડી (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના પ્રમુખ પદે તથા બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલ અને શ્રી કિરીટ વાસદીયા તથા ડૉ. દિલીપભાઈ વરસાણીના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

આ ટીમને કોચ શ્રી મદનસિંહ ઠાકોરે કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે શ્રી અમીત કે. ગોધાણી સેવા આપી રહયા છે.

ટીમ : ૧), કુ. કાપડિયા કિંજન, ૨) કુ. ગામીત નીલા, ૩) કુ. ગામીત અનસુ, ૪) કુ. ગામીત અનિતા, ૫) કુ. ગામીત પ્રિયંકા, ૬) કુ. ગામીત હંસા, ૭) કુ. વસાવા અંજના, ૮) કુ. ચૌધરી મનિષા, ૯) કુ. શાં સહિદા, ૧૦) કુ. કંસારા કેશા, (૧૧) કુ. ભીમાણી વર્ષા, (૧૨) કુ. વરીયા નીતા.

## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat during August 2011 to September 2011.

**ACCOUNTANCY**

1 Mandirwala, Rashmi D. The comparative study of financial management of local self government –A case study of Municipal Corporations in Gujarat State with reference to Surat Municipal Corporation, Ahmedabad Municipal Corporation and Vadodara Municipal Corporation.(Dr.U.T.Desai), Principal, Sir K.P.College of Commerce, Surat.

**BIOSCIENCE (Microbiology)**

1 Jogi, Mrunal M. Bioremediation of distillery sugar and starch waste waters by various microbial cultures and enzyme. (Dr.P.V.Desai), Professor, Department of Bioscience, VNSGU, Surat.

**CHEMISTRY**

1 Desai, Hiralkumar K. Synthesis, invitro antibacterial and anti-HIV studies of some N,O & S based heterocyclic entities.(Dr.P.S.Desai), Director, D.U.I.A.S. & D.S.I.M.C. Valsad.

2 Mistry, Prashantkumar T. Pyran fused heterocyclic compounds: Synthesis, characterization and biological studies.(Dr.(Mrs.Saurabh K.Patel), Associate Professor, Department of Chemistry, VNSGU, Surat.

3 Pathak, Kunalkumar .K. Synthesis and studies of some medicinally useful quinolone derivatives.(Dr.N.B.Patel), Professor, Department of Chemistry, VNSGU, Surat.

**COMMERCE**

1 Mehta Purnima N.. Profile and perception of investors towards mutual funds-A study of selected cities of Gujarat State. (Dr.M.R.Noronha)), Vice-Principal, S.P.B.English Medium College of Commerce, Surat.

**COMPARATIVE LITERATURE**

1 Vasava, Mukeshbhai R. Bhartitya navalkathamaa prakruti ane sanskruti: Ek vishayvastulakshi tulanatmak abhyas:Pasandgini vishesh krutiona sandarbhe [Tatvamasi (Gujarat), Aranyak (Bangali), Amruter Santan (Odiya), Kurunji Then (Tamil), Paankara (Marathi), Pruthubir Haanhi (Asamiya) ane Jangal ke Gul (Hindi)] (Dr.Damyantiben Parmar), Professor and Head, Department of Comparative Literature, VNSGU, Surat.

**ENGLISH**

1 Godbole, Ganesh B. Rang Avdhutna sahityamaa vyakta thatu shaikshnik chintan.(Dr.Ganeshbhai S. Parmar), Professor and Head, Department of Education, VNSGU, Surat.

**GUJARATI**

1 Patel, Hetalkumari S. Gujarati navalkathao ma nayika (Pasandgini navalkathao na sandarbhe). Dr.B.S. Parikh, Ass.Prof.Smt. J.S.Arts College, Valsad.

2 Solanki, Jayshri M. Pravin Gadhvi, Dharmabhai Shrimali, B.Kesharshivam ni vaartaomaa dalit

samvedana. (Dr.Bharatbhai S. Parikh), Assistant Professor, Smt.J.P.Shroff Arts College, Valsad.

**HINDI**

1 Gauswami, Bavesh T. Anantmurti ke upanayaso me sanvedna aur shilp. (Dr.A.K.Shah), Retd.Prin.Shri S.G.P.Arts & Shri P.K.D.Commerce College, Nizar.

**MANAGEMENT**

1 Gondaliya, Vijaykumar R. A study of impact of foreign direct investment (FDI) on selected sectors of indian economy. (Dr.Jaydip Chaudhary), Associate Professor, DBIM, VNSGU, Surat.

**MATHEMATICS**

1 Naik, Purvi J. General group-theoretic transformations for boundary value problems to initial value problems. (Dr.M.G.Tomol), Professor, Department of Mathematics, VNSGU, Surat.

2 Pathak, Anant K. The comparative study o fcollocation method-spline, finite difference and finite element method for solving partial differential equations.(Dr.H.D.Doctor), Professor and Head, Department of Mathematics, VNSGU, Surat.

**PHYSICS**

1 Sonvane, Yogeshkumar A. Study of static, dynamic, vibrational and electronic properties of some d shell liquid metals using pseudopotential theory. (Dr.P.B.Thakor), Assosicate Professor, Department of Physics, VNSGU, Surat.

**SOCIOLOGY**

1 Charan, Dineshkumar S. Kutumb ma raheta vrudhdho ane vrudhashram ma raheta vrudhho ni samasyaono samajshatriya abhyas. (Dr.P.A. Abbasi), Professor and Head, Department of Sociology, VNSGU, Surat.

## M.Phil.

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during August to September 2011.

**COMMERCE**

1 Ruwala, Khadija N. A comparative study on job satisfaction of secondary and higher secondary teachers of granted and non granted schools : Some selected Muslim (minority) schools in Surat city. (Dr.Rupali A. Shah), Ass.Prof.,Sheth C.D.B.C.of Commerce, Surat.

**COMPUTER SCIENCE**

1 Taolor, Pritiben M. Object persistence framework for optimized storage in.net.(Dr.R.D. Morena), Associate Professor, Department of Computer Science, VNSGU, Surat.

**ECONOMICS**

1 Dave, Rupesh N. Surat saher ma bandhkam kshetra ma kam karta shramiko ni samajik-aarthik parishthiti no abhyas. (Dr.S.S.Rao), Professor, Department of Economics, VNSGU, Surat.

2 Patel, Divyeshkumar M. Adivasiona aarthik vikas ma binsarkari sangathan Bayaf-Dhruv ni bhumika (Dang jilla ne kendra ma rakhi ne ek abhyash. (Dr.P.M.Jalsanwala), Principal, B.B.A.Arts & Comm.College, Mandvi.

**EDUCATION**

1 Dummaswala, Hetal N. Surat saher ni Andhjan Shala na uchchtar madhyamik ma abhyas karta vidhyarthiyono vyakti abhyas. (Dr.Ganesh S. Parmar), Professor and Head, Department of Education, VNSGU, Surat.

2 Patel, Chetankumar R. Vignan ane technology vishayana 'ketlak samanya rogo' ekam par CAI karyakramni rachana ane asarkarkta. (Dr.Ummed Singh), Professor, Department of Education, VNSGU, Surat.

3 Patel, Dharmeshkumar S. Valsad jillama madhyamik kakshaey Ganit vishayna adhyayan-adhyapanni samashyao.(Dr.J.A.Naik), Associate Professor, Department of Education, VNSGU, Surat.

**ENGLISH**

1 Gulestan, Dilber E. The classical strain in Philip Larkin's poetry with reference to the less deceived, the whitsun weddings and high windows. (Dr.Rakesh Desai), Professor and Head, Department of English, VNSGU, Surat.

2 Patel, Veenakumari M. The theme of hunger and poverty resulting after industrialization in rural india set up as reflected in the selected work of Kamala Markandaya:Nectar in a Sieve(1954) and a Handful of Rice (1966).

3 Patel, Sonal N. A study of Badal Sirvar's plays as the street theatre with reference to procession, Vhom and Stale news. (Dr.Rakesh Desai), Professor and Head, Department of English, VNSGU, Surat.

**GUJARATI**

1 Chavda, Rashmiben S. Aitihasik navalkatha na pariprekshya ma 'Jai Somnath' (Gujarati) ane 'Mrugnayani' (Hindi) : ek adhyayan. (Dr.Damyanti Parmar), Head and Assosicate Professor, Department of Comparative Literature, VNSGU, Surat.

2 Mahila, Narendrabhai C. Prahlad Parekh ane Venibhai Purohit na geeto: ek abhyas. (Dr.A..A.Shaikh), Ass.Prof.Govt.Arts-Commerce College, Vansda.

3 Patel, Nilamben J. Madha Ramanuj ni kavaita maa pranay nirupan.(Dr.Gajanan Patel),Vice Principal, M.R.D. Arts and E.E.L.K. Commerce College, Chikhli.

4 Patel, Nitalkumari D. Dr.Suhesh Jishi na lalit nibandho ma pragattu prakruti darshan. (Dr.Ashokbhai Patel), Asstt.Prof.Smt.J.P.S.Arts College, Valsad.

5 Patel Rachanabahen I. 'Liludi Dharti (Gujarati), ane 'Garabnicha Bapu' (Marathi) navalkathao ma gramjivanni samashya: Tulanatmak abhyas. (Dr.Jashubhai Patel), Asst.Prof.Artc-Comm.College, Olpad.

6 Patel, Suchuitaben B. Dayaram na pad ane garbiyo ma upasta Krushna na vyaktitva na vividh parimano.(Dr.Bharat Parikh), Asst.Prof.Smt.J.P.S.Arts College, Valsad.

7 Patel, Vaishaliben B. Dhirendra Mehta ni navalkathaoma nayak ek abhyas. (Valay, Chihna ane Dishantar na sandarbhe). (Dr.N.M.Vegda), Asst.Prof.Shri Vanraj Arts-Comm.College, Dharampur.

8 Sapariya, Nilkanth C. Saroj Pathak ni navalkathao maa naari ('Nightmare'', 'Priy Punam', 'Timebomb' na vishesh sandarbhe). (Dr.Bharat Parikh), Assistant Professor, Smt. J.P.Shroff Arts College, Valsad.

**HINDI**

1 Chaudhari, Smitakumari C. Bhagawaticharan Varma krut 'Rekha' upanyash me adhunik naari chetna.(Dr.Bimlesh A. Tevatia), Assistant Professor, M.R.D.Arts and E.E.L.K.Commerce College, Chikhli.

2 Valvi, Iladevi D. Shri Manohar Shyam Joshi krut 'Kasap' upanyash ka vishesh adhyayan. (Dr.M.S.Padvi), Assistant Professor, M.T.B.Arts College, Surat.

**HISTORY**

1 Khunt, Pragna K. Bhartiya sanskruti na adarshmulyo na nirupan ma Ramkalin vibhinn vyavasthao no aitihasik pariprekshya ma abhyas. (Dr.K.M.Katariya), I/c.Pri.Akhand Anand Arts & Comm.College, Surat.

**SANSKRIT**

1 Kataria, Pareshbhai J. Yajurvediya purushsuktam nu Maharshi Dayanand krut Bhashya : ek adhyayan. (Dr.M.A. Bhatia), Asso.Prof. S.R.N.M.Arts College, Valia.

2 Patel, Umeshkumar D. Kavi Ravindrakumar Panda virachit 'Shatadalam' kavyasangrah ek samikshatmak adhyayan. (Dr.D.P.Parekh), Ass.Prof. S.J.Arts & Science College, Bharuch.

Prepared by : B.J. Ankuya

# કોલેજ ન્યૂઝ

## ઊજવણી

બી.જે. પટલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ૧૪મી સપ્ટેમ્બરને હિન્દી દિવસ તરીકે વૈવિધ્યસભર રીતે ઉજવવામાં આવ્યો હતો. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત હિન્દીમાં પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ તાલીમાર્થીમિત્રો દ્વારા દરેક ગુરુજનોનું પુસ્તક પુષ્પથી અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે હિન્દીમાં કાવ્યપઠન રજૂ કરી હિન્દી દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. હિન્દીના અધ્યાપક કનુભાઈ સ્વાગીયાએ હિન્દીનું મહત્વ દર્શાવતું વકતવ્ય રજૂ કર્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા હિન્દીમાં સ્વાગત નૃત્ય, વકતવ્ય, કાવ્યપઠન, કાવ્યગાન, કવ્વાલી, મૂક અભિનવ, નાટક, ભજન, સુવિચાર જેવી વિવિધ કૃતિઓ ખૂબ સુંદર રીતે રજૂ થઈ હતી. કાર્યક્રમની આભારવિધિ તાલીમાર્થી પટેલ અંકિતબેને તથા સંચાલન શુકલ રૂપાબેન અને ઓઝા અભિષેકે કર્યું હતું.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વર ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૃષ્ણની બાળલીલાના ભજનો અને શ્રી કૃષ્ણભગવાનનાં જીવનચરિત્રના વર્ણનની રજૂઆત તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. કોલેજના પ્રાંગણમાં રાસની રમઝટ બોલાવી અને અંતે મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈ.ચા. આચાર્ય કૃણાલભાઈ પંચાલે પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી રાજ મિત્તલબેને કર્યું હતું.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં હિન્દી દિનની ઉજવણી થઈ હતી. વર્તમાન સમયમાં હિન્દી ભાષા કા સ્થાન, હિન્દી કલ આજ ઔર કલ, હિન્દી ભાષા કી વર્તમન પરિસ્થિતિ, હિન્દી ભાષા કા સફર, રાષ્ટ્રભાષા હિન્દી કા મહત્વ, રાષ્ટ્રભાષા બચાનેમે યુવા કી ભૂમિકા, અને હિન્દી ટાઈપ રાઈટીંગ પર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ-ગુરૂકુલ વિદ્યાલયના વિદ્યાર્થિની બારડ પલક, અને દ્વિતીય-તલાવીયા બંસી આવ્યા હતા. જયારે વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ-બી.એડ્. કોલેજના પાંડે સોની અને દ્વિતીય-વસાવા ગંગા રહયા હતા. અને હિન્દી ટાઈપરાયટીંગમાં મહયાવંશી નિકિતાશા અને બીજા ક્રમે પટેલ રશ્મિકાબહેન રહયા હતા. પટેલ અંકિતા અને સોલંકી વૈશાલીએ "ભાષા કી ખીચડી" પર નાટક રજૂ કર્યું હતું. પ્રા. કણસાગરા મિત્તલબેને હિન્દી કા મહત્વ, ઉસકા ઈતિહાસ, શિક્ષણ કો લેકે વર્તમાન પરિસ્થિતિ ઔર હિન્દી કો બચાનેમે યુવાકી ભૂમિકા પર સંક્ષિપ્ત વિચાર પ્રગટ કર્યા હતા. ગુરૂકુલના શિક્ષક પટેલ કિરણભાઈએ પ્રસંગને ધ્યાનમાં રાખી હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. ઈ.આચાર્ય કૃણાલભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. બી.એડ્. કોલેજના સ્પર્ધકોના નિર્ણાયક તરીકે ઈ.આચાર્ય કૃણાલભાઈ પંચાલન અને ગુરૂકુલ વિદ્યાલયના કિરણભાઈ પટેલે ભૂમિકા ભજવી હતી. જયારે ગુરૂકુલ વિદ્યાલયના સ્પર્ધકોના નિર્ણાયક તરીકે પ્રા. સુરેશભાઈ દેવધા અને પ્રા. ઉમરાળિયા ભાવિષાબેને ભૂમિકા ભજવી હતી. કમ્પ્યૂટર હિન્દી ટાઈપ રાઈટીંગમાં નિર્ણાયક તરીકે પ્રા. કૌશલભાઈ પારેખ અને પ્રા. મિત્તલબેન કણસાગરાએ ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી જોશી તેજસભાઈએ કર્યું હતું.

## નિદર્શન

અંકલેશ્વરની સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ સ્વર્ણિમ ગુજરાત જ્ઞાનધારા અંતર્ગત શૈક્ષણિક દ્રષ્ટિકોણથી "આરક્ષણ"ફિલ્મ નિહાળી હતી. ફિલ્મના અંતે સૌ ભાવિ શિક્ષકો અને અધ્યાપકોએ પ્રવર્તમાન ઉચ્ચ શિક્ષણ પ્રત્યેની વધતી જાગૃતતા વગેરે વિષયો પર ચર્ચા કરી હતી.

## વૃક્ષારોપણ



બરજોરજી પેસ્તનજી બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારીના ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. દીનાબેન વાય. ચાંપાનેરી તથા એન.એસ.એસ. પ્રો.ઓ.ના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોના સહકારથી કોલેજ પરિસર સ્થિત ફલાવર્સ પ્લાન્ટ સર્કલ તથા કુંડાઓમાં પ્લાન્ટેશનનો પ્રોગ્રામ તાજેતરમાં હાથ ધરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વયંસેવક ભાઈ બહેનો પોત પોતાના નિવાસ સ્થાનેથી એક એક ફૂલ છોડ લાવ્યા હતા.

## પરિસંવાદ



તા. ૩૦-૮-૧૧ ના રોજ ઉધના સ્થિત ઉધના એકેડમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (બી.સી.એ.)માં "ડીજીટલ

ઈમેજ પ્રોસેસીંગ'' વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વિષય નિષ્ણાંત તરીકે ડિપાર્મેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સ, યુનિવર્સિટીના વડા ડૉ. અપૂર્વ એ. દેસાઈએ માહિતી સભર વ્યાખ્યાન રજુ કર્યું હતું. આ સેમિનારમાં લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આચાર્ય ડૉ. એ.જી. મહેતા, ઉપાચાર્ય ડૉ. મનીષભાઈ એમ. કાયસ્થ તથા પ્રો. તેજસભાઈ ઘડિયાળીએ પણ કાર્યક્રમમાં હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## એન.એસ.એસ.

- રાષ્ટ્રીય સેવા યોજના અન્વયે ગ્રામ વિદ્યાપીઠશાખામાં કીશોરદાન ગઢવી ચારણ કવિ ભકત દ્વારા દુહા છંદ તથા રાષ્ટ્રભકિત નો ડાયરો થયો હતો ચારણ કવિએ કાઠીયાવાડી વીર માંગળાવાળો તથા કાદુ મકરાણાની તથા વીરનર્મદ કવિની ગાથાઓ ગાઈને વર્ણન કર્યું હતું.ડૉ. મીનાક્ષીબેન ચાવડાના પ્રમુખ સ્થાને કાર્યક્રમનું આયોજન થયું હતું. આભાર દર્શન ડૉ. મંજુલાબેને કર્યું હતું.
- ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલીના રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને JCI, Bardoliના સંયુકત ઉપક્રમે તા. ૦૯-૦૯-૨૦૧૧ના રેજ ''માઈન્ડ ટેકનીક'' વિષય ઉપર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારના JCIનાં ઝોન ટ્રેઈનર શ્રી કમલેશભાઈ ઠક્કર અને શ્રીમતિ પારૂલબેન મહેતા દ્વારા ''માઈન્ડ ટેકનીક'' વિષય ઉપર રસપ્રદ અને માહિતી સભર ટ્રેઈનિંગ આપવામાં આવી હતી. જેમાં શ્રીમતિ પારૂલબેન મહેતાએ મગનાં જુદા જુદા ભાગો અને તેની કાર્યપધ્ધતિ વિશે જ્ઞાનસભર માહિતી આપી હતી, જયારે શ્રી કમલેશભાઈ ઠક્કરે Seven secret of memory ખૂબ જ રોચક રીતે પ્રાયોગિક ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને ટ્રેઈન્ડ કર્યા હતા. પ્રોગ્રામ ઓફિસર ડૉ. બી.આર. પટેલે રાષ્ટ્રીય સેવા યોજના વિશે વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપ્યા બાદ મહેમાનોનો પરિચય આપી આવકાર આપ્યો હતો. આમંત્રિત મહેમાનોનું પ્રોગ્રામ ઓફિસર ડૉ. બી.એન. ગામીત અને પ્રો. કે.એન. પટેલે મોમેન્ટો સન્માનિત કર્યા હતા.




## અભિયાન

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત તથા ઈવનીંગ કોમર્સ કોલેજમાં તા. ૭-૯-૨૦૧૧ના રોજ ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન લાવવા માટેનું અભિયાન ''ચલો કોલેજ ઈ અભિયાન'' નો એક સફળ અને ઉમદા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના મુખ્ય મહેમાનપદે યોજાયેલ આ અભિયાનની શુભ શરૂઆત કોલેજની વિદ્યાર્થિનીઓએ શ્રી ગણેશવંદના તથા મધુર પ્રાર્થનાથી થઈ હતી. પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈએ ઉપસ્થિત સૌનું ભાવભીનું સ્વાગત કરીને પ્રવચન આપ્યું હતું. મહેમાનોને સુંદર પુસ્તકો દ્વારા અભિવાદન કરીને ડૉ. યુ.ટી. દેસાઈએ કોલેજની વિવિધ પ્રવૃત્તિ, સિધ્ધિઓ, કોલેજની ભૌતિક સુવિધાઓ અને મિશન ઓફ ઈમ્પલીમેન્ટેશન પ્રોગ્રામની માહિતી આપી હતી. તેમજ પ્રા. શ્રીમતી એસ.પી. દેસાઈ, પ્રા. શ્રીમતી ડૉ. એસ.ઓ. દેસાઈએ સપ્તધારા, સીબીસીએસ, સંધાન, ઉદીસા, સ્કોપ, 'એએએ'ની વિસ્તૃત સમજ આપી હતી. ઈવનીંગ કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી બંટી કે. શાહે કોલેજની વિવિધ પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓ વર્ણવી હતી. આ કાર્યક્રમમાં કુલપતિશ્રીએ સૌને મંત્રમુગ્ધ કરતું અદભુત પ્રવચન આપ્યું હતું અને આ નવી તરાહ વિશે સૌને માહિતગાર કર્યા હતા. ડીસ્ટ્રીકટ કો-ઓર્ડિનેટર તરીકે વાડીયા વિમેન્સ પ્રિ. ડૉ. અશોકભાઈ દેસાઈએ ''ચલો કોલેજ ઈ અભિયાન'' સુંદર પ્રેઝન્ટેશન આપ્યું હતું. તથા ચલો કોલેજ ઈ અભિયાનના કેસીજી ઈન્ચાર્જ ડૉ. નંદીનીબહેન કાનને પ્રશ્નોતરી સેશન દરમ્યાન માર્ગદર્શન પુરું પાડયું હતું. ઉપાચાર્ય પ્રા. શ્રી ડી.જે. વસાવડાએ સૌનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો.

## ઉદ્દઘાટન

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં વિદ્યાર્થીઓ કોમર્સ લાયબ્રેરી, સ્ટુડન્ટસ સ્પોર્ટસ મોટીવેશન સેન્ટર અને પ્રોફેશનલ એકઝામ બુકસ લાઈબ્રેરીનું ઉદ્દઘાટન, કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર, સોસાયટીના ચેરમેન શ્રી આર.જી. શાહ તથા અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડી શ્રી કુટ્ટી કૃષ્ણના વરદહસ્તે, કરવામાં આવ્યું હતું. ઉપાચાર્ય પ્રા. ડી.જે. વસાવડાએ સ્વાગત પ્રવચન તથા માનવંતા મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. મહેમાનોનું સ્વાગત આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈના શુભ હસ્તે પુસ્તક અને ફુલથી કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધન આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈએ આપ્યું હતું. આ સમારંભમાં પ્રમુખશ્રી, કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરએ, પોતાની યુનિવર્સિટીની એક કોલેજમાં આવી અનોખી સગવડો ઉભી કરવા બદલ આનંદ ખુશી વ્યકત કરી હતી. પ્રા. તેજસભાઈ સુખડવાલાએ આભાર વિધિ કરી હતી.

## Moral Rejuvenation




A two day Leadership Training Camp was organized on the 23rd and 24th July in the institution's premises. The camp was aimed at inculcating the leadership qualities and also to learn things without stress. The training camp was conducted by the forum of free enterprise under the auspices of the M. R. Pai foundation, Mumbai. The Forum of Free Enterprise has been conducting such camps in the different parts of the country. Expert trainers from Mumbai conducted highly interactive. Session at camp on Goal Setting, Achieving Goals, Self Esteem and Time Management. Eighty students were selected from the institution and divided into two groups for technical sessions. The two groups were ably trained by Mr. Rajiv Luv and Mr. Vidyanand Joshi, experts from Mumbai. Shri Ravindrabhai Vepari, Chairman of the Vidya Mandir Society inaugurated the function. The Valedictory Session was held on 24th July at 2 pm. All the students were given certificates. The most enjoyable part of the session was the feedback we got from our young participants.

## સ્કોલરશિપ

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતની વિદ્યાર્થિની કુ. ધારા શામજીભાઈ કીકાણી (SUO)એ 6th Gujarat Balalian NCCમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક દેખાવ માટે સહારા ઈન્ડિયા સ્કોલરશીપ મેળવેલ છે. અભિનંદન.

## સ્પર્ધા



સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા અન્વયે 'ગીત-સંગીત નૃત્યધારા' અંતર્ગત ભજન સ્પર્ધાનું આયોજન એચ.આર. શાહ મહિલા આર્ટ્સ-કોમર્સ કોલેજ, નવસારીમાં યોજવામાં આવ્યું હતું. જેમાં ૩૦ વિદ્યાર્થિનીઓએ વિવિધ ભજનોની રસલ્હાણ કરાવી હતી. આ સ્પર્ધાના નિર્ણાયકો શ્રીમતી ઉર્વીબેન પંચાલ તથા શ્રી મહેશભાઈ ચૌર્યા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કુ. બદરી શકીના દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના પરિણામમાં : પ્રથમ-કુ. હર્ષા બી. પટેલ, બીજા-કુ. કવિતા કે. ચૌહાણ, ત્રીજા-કુ. મોનિકા એચ. કટારિયા વિજેતા જાહેર થયા હતા. આભારવિધિ કુ. સ્વાતિ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ધારાના અધ્યક્ષ પ્રા. પ્રજ્ઞાબેન પરમાર તથા સભ્યો, પ્રા. અલ્પના પટેલ અને પ્રા. હેતલબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.



સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા અંતર્ગત એચ.આર. શાહ મહિલા આર્ટ્સ-કોમર્સ કોલેજ, નવસારીમાં રંગ કલા-કૌશલ્ય ધારા અન્વયે તા. ૯-૯-૧૧ના રોજ શીઘ્ર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધાના વિષયો (૧) તહેવાર (૨) પર્યાવરણ બચાવો અને (૩) મેં જોયેલું જીવંત દ્રશ્ય હતા. ચિત્ર સ્પર્ધામાં કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયકો તરીકે શ્રી જયરાજભાઈ પટેલ અને શ્રી નરેશભાઈ પટેલે સેવા આપી હતી. સ્પર્ધામાં નીચેની વિદ્યાર્થિનીઓ વિજેતા જાહેર થઈ હતી. પ્રથમ-મકવાણા નિરાલી બી., દ્વિતીય-ભૈયાજી ઉર્મિલા આર., તૃતીય-રાઠોડ ભૂમિકા જે. વિજેતા રહ્યા હતા. સ્પર્ધાનું આયોજન ધારાના અધ્યક્ષ પ્રા. નીલમબેનના માર્ગદર્શન હેઠળ ધારાના સભ્યો પ્રા. જયશ્રીબેન તથા વર્ષાબેનના સહયોગ થી સંપન્ન થયેલ. ચિત્ર સ્પર્ધા સમાપન કાર્યક્રમનું સંચાલન ટી.વાય.બી.એ. (હોમસાયન્સ)ની વિદ્યાર્થિની કપિલા જી. પગારે કર્યું હતું અને આભાર વિધિ કુ. પ્રિયંકા ઝારે કરી હતી.



એચ.આર. શાહ મહિલા આર્ટ્સ-કોમર્સ કોલેજ, નવસારીમાં સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા અંતર્ગત રંગ કલા-કૌશલ્ય ધારા અન્વયે તા. ૭-૯-૧૧ના રોજ "બાંધણી વર્કશોપ"નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૪ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. હોમસાયન્સ વિભાગના વડા પ્રા. નીલમબેન જે. મહેતા અને ટી.વાય.બી.એ. હોમસાયન્સની વિદ્યાર્થિનીઓએ બાંધણી કળાની પદ્ધતિનું નિદર્શન આપ્યું હતું. ત્યારબાદ ભાગ લેનાર વિદ્યાર્થિનીઓએ પ્રા. નીલમબેન અને જયશ્રીબેનના માર્ગદર્શન હેઠળ બાંધણીના જુદા જુદા નમૂનાઓ તૈયાર કર્યા હતા.

ભારત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીના દશાબ્દિ વર્ષની ઉજવણીના ભાગરૂપે આંતર બી.એડ્./એમ.એડ. કોલેજના તાલીમાર્થીઓ માટે પુસ્તક સમીક્ષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન દ્વારા મહેમાનોનું પુસ્તકપુષ્પોથી સ્વાગત તથા પ્રાસંગિક અને આવકાર પ્રવચન રજૂ થયું હતું. ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન કરી પુસ્તકોને સાથીમિત્રો બનાવવા અંગેના વિચારો રજુ કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી સંધ્યાબેન ભટ્ટે એમના અધ્યક્ષીય પ્રવચનમાં પુસ્તક સમીક્ષા વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. અને વાંચનની ટેવ વિકસે એ માટે સારા પુસ્તકોનું વાંચનનું મહત્વ સમજાવ્યું હતું. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ બી.એડ્. કોલેજમાંથી કુલ ૧૨ જેટલા સ્પર્ધકોએ ભાગ લઈ પુસ્તકોમાં સમાવિષ્ટ વિચારો રજૂ કર્યા હતા; પ્રથમ ક્રમાંક 'મળેલા જીવ' પુસ્તકની સમીક્ષા કરનાર સરકારી બી.એડ્. કોલેજ, વાંસદાના તાલીમાર્થી પટેલ મહેન્દ્રભાઈ આર. દ્વિતિય ક્રમાંક વી.આર. ભકત શિક્ષણ મહાવિદ્યાલય, કામરેજના તાલીમાર્થી કંસારા માનસીબેન તથા તૃતીય ક્રમાંક વી.એચ. પટેલ મહિલા બી.એડ્. કોલેજના તાલીમાર્થી દેસાઈ તેજલબેને પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાના અંતે વિજેતાઓને ટ્રોફી તથા તમામ સ્પર્ધકોને પ્રોત્સાહનરૂપે પુસ્તકો તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે વ્યારા કોલેજના ગ્રંથપાલ શ્રી પ્રકાશભાઈ શાહ તથા પી.ટી.સી. કોલેજના આચાર્યા શ્રીમતી શૈલાબેન ટંડેલે ફરજ બજાવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. મીનાબેન પરમારે કર્યું હતું. તથા ઉદ્‌ઘાટન કાર્યક્રમની આભારવિધિ પ્રા. મનાલીબેન દેસાઈએ તથા ઈનામોવિતરણ કાર્યક્રમની આભારવિધિ ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે કરી હતી.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં વર્ષાગીતોની હરીફાઈનું આયોજન કોલેજની સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. સ્મૃતિબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનું પરિણામ આ મુજબ છે. પ્રથમ-શ્રી રાહુલ પટેલ, દ્વિતીય-વાર્લેકર પિક્ષકા, તૃતીય-સાંડીસ શ્રધ્ધા વિજેતા રહ્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. તેજસભાઈ સુખડવાલા તેમજ પ્રા. અજીતભાઈ નાયકે સેવા આપી હતી. તદ્‌પરાંત તા. ૨૨-૭-૨૦૧૧ના રોજ યોજાયેલ આંતર કોલેજ મહેંદી સ્પર્ધામાં વિવિધ કોલેજમાંથી લગભગ ૨૦૦ જેટલી વિદ્યાર્થિની અને ભાઈઓએ ભાગ લીધો. સ્પર્ધામાં ત્રણ વિભાગો હતા. (૧) ટ્રેડિશનલ (૨) અરેબિક (૩) જવેલરી મહેંદી સ્પર્ધા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે, પ્રા. શ્રીમતી એસ.પી. દેસાઈ તથા ડી.આર.બી. ભરથાણા કોલેજના પ્રા. શ્રીમતી મયુરી કે. દેસાઈએ સેવા આપી હતી.

સ્પર્ધાના પરિણામો આ પ્રમાણે છે. (૧) ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધા : પ્રથમ-શેખ રૂકસાના એમ. (વી.આર.ભકત કોલેજ, કામરેજ), દ્વિતીય : મહેતા ભૂમિકા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય : મહેતા ચૌહાણ સોનમ (નવયુગ કોમર્સ કોલેજ, સુરત) પટેલ તુલસી (એસ.વી. પટેલ, બી.સી.એ. કોલેજ, સમુલ ડેરી), આશ્વાસન : મિસ્ત્રી અંજુ (વાડીયા વિમેન્સ આર્ટસ કોલેજ, સુરત) રાજપોપટ ધારા (ડી.આર.બી. કોમર્સ કોલેજ, સુરત). (૨) અરેબીક મહેંદી સ્પર્ધા : પ્રથમ-વીજુડા જિજ્ઞાસા (અખંડ આનંદ આર્ટસ કોલેજ, સુરત), દ્વિતીય-શેખ આશિયા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય-ધોળકીયા પરીતા (આર.વી. પટેલ કોમર્સ કોલેજ, અમરોલી), આશ્વાસન-કોઠારી કોમલ (વનીતા વિશ્રામ કોમર્સ કોલેજ, સુરત). (૩) જવેલરી મહેંદી સ્પર્ધા : પ્રથમ-દેગડાવાલ કાજલ (વી.એલ.શાહ કોમર્સ કોલેજ, અમરોલી), દ્વિતીય-કાછડીયા શ્રધ્ધા (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય-ઈટાલીયા કિંજલ (રામકૃષ્ણ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, સુરત).

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કોલેજોની, ઈન્ટર કોલેજ શીઘ્ર ચિત્રકલા સ્પર્ધા યોજવામાં આવી હતી. આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈએ સૌને આવકાર આપીને શુભકામનાઓ પાઠવી હતી. સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે ભરૂચની ફાઈન આર્ટસ કોલેજના પ્રિ. શ્રીમતી ભાવનાબેન પટેલ તથા સુરતના શ્રી ગજેન્દ્રભાઈ મજઠીયાએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં કુલ ૧૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને ભ્રસ્ટાચાર-ઓગષ્ટ ક્રાંતિ જેવા વિષયો ઉપર વિદ્યાર્થીભાઈ-બહેનોએ ચિત્રો દોરીને પ્રતિભાવ આપ્યો હતો. આભાર વિધિ પ્રા. શ્રી ડી.જે. વસાવડાએ કરી હતી. સ્પર્ધાના પરિણામ આ પ્રમાણે છે. ઈન્ટર કોલેજ શીઘ્રચિત્રકલા સ્પર્ધા : પ્રથમ-શ્રી હરેશ એન. નસીત (એસ.વી. પટેલ કોલેજ), દ્વિતીય-કુ. અંજુ એન. મિસ્ત્રી (વાડિયા વિમેન્સ કોલેજ, સુરત), તૃતીય-શ્રી શ્યામ વી. હળપતી (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), આશ્વાસન-શ્રી રાજુ બી. લાંણે (નવયુગ આર્ટસ કોલેજ, સુરત), શ્રી અજય બલદાણીયા (સર પી.ટી. સાયન્સ કોલેજ, સુરત). ઈન્ટર ફાઈન આર્ટસ કોલેજ શીઘ્ર ચિત્રકલા સ્પર્ધા : પ્રથમ-શ્રી અમિત બી. મિસ્ત્રી (કે.એમ. કોલેજ, ભરૂચ), દ્વિતીય-શ્રી રામ વી. હળપતી (બી.એ. મહેતા કોલજ, અમલસાડ), તૃતીય-કુ. રેશ્મા વી. કેદારે (કે.એમ. કોલેજ, ભરૂચ), આશ્વાસન-શ્રી નરેશ એન. વસાવા કે.એમ. કોલેજ, ભરૂચ), શ્રી જયંતિલાલ જે. જૈન (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત).

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં કિવઝ કોમ્પીટીશન સ્પર્ધાનું આયોજન કરાયું. આ સ્પર્ધામાં ૬૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૪ ગ્રૃપ પાડવામાં આવ્યા હતા. અને યાદચ્છિક રીતે ચીઠ્ઠી દ્વારા બાર તાલીમાર્થીની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગ્રૃપ-એમાં તાલીમાર્થી ગોહિલ ધર્મેન્દ્રભાઈ, પટેલ યોગેશભાઈ, કાયસ્થ સ્મિતાબેન, ગ્રૃપ-બીમાં તાલીમાર્થી પરમાર અલ્કાબેન, સાયણિયા ક્રિષ્નાબેન, પટેલ કોમલબેન, ગ્રૃપ-સીમાં તાલીમાર્થી રેવણે નમ્રતાબેન, પરમાર મલયભાઈ, પટેલ હીરકભાઈ, ગ્રૃપ-ડીમાં તાલીમાર્થી પટેલ ઈફસાના, રાજ મિત્તલબા, પટેલ સીમાબેન આવ્યા હતા. જેમાં જનરલ નોલેજ, ભારતનો ઈતિહાસ, ગુજરાતી સાહિત્ય, સંવિધાનનું માળખું અને બી.એડ્.ના અભ્યાસ ક્રમને ધ્યાનમાં રાખી પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેમાં પ્રથમે ક્રમે ગ્રૃપ-ડી અને દ્વિતીય ક્રમે ગ્રૃપ-બી, તૃતીય ક્રમે ગ્રૃપ-સી રહયા હતા. કાર્યક્રમને અંતે ઈ.આચાર્ય કૃણાલભાઈ પંચાલે પ્રાસંગિક ઉદ્‌બોધન આપી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. પરમાર વાસંતીબેને કર્યું હતું.

સ્વર્ણિમ ગુજરાત 'સપ્તધારા' અંતર્ગત એમ.ટી.બી. આર્ટ્સ કોલેજમાં તા. ૧૩-૦૯-૨૦૧૧ના રોજ સુરત જીલ્લાકક્ષાની એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વિવિધ કોલેજમાંથી ૧૦ એન્ટ્રી આવી હતી. કાર્યક્રમનું આયોજન તથા સંચાલન સપ્તધારાના કન્વીનર પ્રા. ડૉ. રેખાબેન ભટ્ટે કર્યું હતું. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મધુકર પાડવીએ રંગભૂમિ અને નાટક વિશે માહિતીસભર અને રસપ્રદ પ્રવચન આપ્યું હતું નિર્ણાયક તરીકે શ્રી નરેશભાઈ કાપડીયા તથા શ્રી શૈલેન્દ્ર વડનેરેએ સેવા આપી હતી. કાર્યક્રમને અંતે તેઓએ સ્પર્ધકોને એકપાત્રિય અભિનય વિશે માર્ગદર્શન આપ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ-કુ. દ્યુતિ એન. અવસ્થી (વાડિયા વિમેન્સ કોલેજ, સુરત), દ્વિતીય-કુ. વ્યોમા બી. આહીર (પી.ટી. સાયન્સ કોલેજ, સુરત), તૃતીય-કુ. નીતિ ડી. વૈદ્ય (પરફોર્મિંગ આર્ટ્સ કોલેજ, સુરત)ને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.



સોરાબજી બરજોરજી ગાર્ડા કોલેજ, નવસારીની વિદ્યાર્થિની કુ. ક્રિષ્ના એસ. પંડયાએ "અખિલ ગુજરાત સમુદ્ર તરણ સ્પર્ધામાં" (તા. ૯-૪-૨૦૧૧ના રોજ રાજયકક્ષાની ૧૫ કિ.મી.ની તરણ સ્પર્ધા વેરાવળ ખાતે યોજાયેલ હતી.) પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. તથા "Rotary Costal Marathan-2011" રાજયકક્ષાની Half Marathan દોડની સ્પર્ધા પોરબંદર ખાતે યોજાયેલ હતી જેમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે.

તા. ૮-૯-૧૧ના રોજ સુરજબા મહિલા કન્યા વિદ્યામંદિર ખાતે નાંદોદ તાલુકાનો ૪૪મો યુવા મહોત્સવ ઉજવાયો હતો જેમાં શ્રી નર્મદ કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલમાંથી ૧૦ તાલીમાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાંથી નીરોની ૬ સ્પર્ધામાં તાલીમાર્થીઓ વિજેતા જાહેર થયા હતા. (૧) લગ્ન ગીત : (પ્રથમ) મહારાઉલજી મિત્તલ ગૃપ. (૨) કાવ્યલેખન : (પ્રથમ) વસાવા મુકેશ એન. (૩) નિબંધ : (પ્રથમ) પટેલ મેહુલ ટી. (૪) વકતૃત્વ : (પ્રથમ) ભાટિયા પરિમલ. (૫) ચિત્રકલા : (દ્વિતીય) તડવી વિભૂતિ. (૬) એકપાત્રિય અભિનય : (તૃતીય) મોદી ભાવિકા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ જુડો ભાઈઓ-બહેનોની સ્પર્ધા નવસારીની નારણ લાલા કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં ૨૧ કોલેજોમાંથી ૫૮ ભાઈઓ અને ૧૨ બહેનોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના શુભારંભ પ્રસંગે નારણ લાલા કોલેજના ચેરમેન શ્રી મહેશભાઈ કંસારા, કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.સી. ગાંધી, ઈન્ચાર્જ આચાર્ય ડૉ. સુનિલભાઈ નાયક, શ્રીમતી ચીરાંગીબેન દેસાઈ ઉપસ્થિત રહયા હતા. તેમજ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે SAG કોચ અંકિતા પટેલ, મુકેશ રાઠોડ, હસમુખ સોલંકી અને રાજેષ પટેલે સેવા આપી હતી. સમગ્ર સ્પર્ધા દરમ્યાન યુનિવર્સિટી પસંદગી સમિતિના સભ્યો શ્રી ડેવિડ પોલ (યુનિવર્સિટી ફીઝીકલ એજયુકેશન ડાયરેકટર) પ્રા. મયુર પટેલ (શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા, નારણ લાલા કોલેજ) પપ્પુભાઈ નીકમ જુડો કોચ, આનંદ નાયર, પ્રા. તન્વી હીરપરાએ હાજર રહી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની જુડો ટીમની પસંદગી કરી હતી. જેમાં પસંદગી થયેલ ખેલાડી ભાઈઓ-બહેનો ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા પુના ખાતે ભાગ લેવા જશે.

# વાચન વિશેષ

## વ્યાખ્યાનમાળા

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત ખાતે પ્લાનીંગ ફોરમના આયોજન હેઠળ આંતરકોલેજ વિસ્તરણ વ્યાખ્યાનમાળા અંતર્ગત કોલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે એક વ્યાખ્યાનનું તા. ૨૯-૦૯-૨૦૧૧ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રિ. અવનીચન્દ્રાબેન દીક્ષીતે "Importance of English language in commerce" વિષય પર વકતવ્ય આપ્યું. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. યુ.ટી. દેસાઈએ વકતાનો પરિચય આપીને તેમનું સ્મૃતિભેટ આપીને સ્વાગત કર્યું. વકતાશ્રીએ તેમના વકતવ્યમાં સમગ્ર વિશ્વમાં અંગ્રેજી ભાષાનો સર્વસ્વીકૃત વેપારની ભાષા તરીકે કઈ રીતે સ્વીકાર થયો તેના ઈતિહાસનું સુંદર ચિત્રણ કર્યું. ગુજરાતી માધ્યમમાં વિદ્યાર્થીઓએ અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવવા માટે રાખવી પડતી તકેદારીઓ અંગે તેમણે ઉપયોગી સલાહસૂચનો આપ્યા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્લાનીંગ ફોરમના ચેરપર્સન ડૉ. સીમાબેન દેસાઈએ કરી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતરકોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે આમંત્રિત મહેમાનોને આવકાર આપી પરિચય આપ્યો હતો. ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતું. ત્યારબાદ વ્યાખ્યાનમાળાના વકતા ડૉ. કિશોરસિંહ દેસાઈએ મધ્યવર્તી સ્થિતિનું માપન: મધ્યસ્થ વિષય પર વકતવ્ય રજૂ કર્યું હતું. સાથે સાથે મધ્યસ્થ શોધવા માટેના દાખલાની ગણતરી પણ ખૂબ જ સાહજિકતાથી કરાવી હતી. કાર્યક્રમની આભારવિધિ પ્રા. કનુભાઈ સ્વાગીયાએ તથા સંચાલન ડૉ. મીનાબેન પરમારે કર્યું હતું.

## વ્યાખ્યાન

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સીટીઝન કોલેજ, સુરતમાં "હેલ્થ કલબ" હેઠળ તા. ૩૦-૮-૨૦૧૧ના રોજ નિષ્ણાંત ડૉ. શ્રી પ્રદિપભાઈ ડી. પટેલનું વકતવ્ય યોજવામાં આવ્યું હતું, જેમાં તેમણે વિદ્યાર્થિનીઓને ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન આપ્યું અને વિદ્યાર્થિનીઓની વિવિધ સમસ્યાઓની મોકળા મને ચર્ચા કરી હતી. વકતવ્યના અંતે વિદ્યાર્થિનીઓના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

## પુસ્તક પરિચય

**Higher Education in India. (1781-2003) : Policies, Planning and Implementation.** Dr. Kuldip Kaur, New Delhi : University Grants Commission, 2003. p. 388.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હીએ ૨૦૦૩માં ૫૦ વર્ષ કર્યા. તે અનુસંધાનમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હી અને કમિશન એન્ડ ધી સેન્ટર ફોર રિસર્ચ ઈન રુરલ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ દ્વારા સંયુકત રીતે ગ્રંથ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ ગ્રંથ વિવિધ શૈક્ષણિક નીતિઓ, શૈક્ષણિક આયોજનોના પ્રલેખ, વિવિધ ગ્રંથો, વિવિધ શૈક્ષણિક કમિશનોના અહેવાલો, કાર્યશિબિરો, કોન્ફરન્સો અને પેનલો, શિક્ષણના પ્રવાહોની ઝાંખી, ભારતમાં ૧૭૮૧ થી ૨૦૦૩ દરમ્યાન થયેલો ઉચ્ચશિક્ષણના વિકાસ આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. લેખક અને તેમના વિધ્વત જૂથે શિક્ષણ મંત્રાલય, વિવિધ સંશોધન સંસ્થાઓ, ભારતની યુનિવર્સિટીઓ, વિવિધ જાહેર પુસ્તકાલયો અને વિવિધ ડોકયુમેન્ટશન કેન્દ્રો પાસેથી પ્રકાશિત અને અપ્રકાશિત સાહિત્ય પ્રાપ્ત કરીને તેમાંથી ઝીણી ઝીણી વિગતોને એકત્રિત કરીને આ ગ્રંથમાં પ્રસ્તુત કરી છે.

આ પુસ્તક ત્રણ ભાગમાં વિભાજીત છે. પુસ્તકના પ્રથમ ભાગમાં નીતિઓ, આયોજન અને તેના ભલામણોનો ઉચ્ચશિક્ષણના ક્ષેત્રમાં ૧૭૮૧ થી ૨૦૦૩ દરમ્યાન કરવામાં આવેલ અમલ, ત્યારબાદ વિવિધ સ્ત્રોતની જાણકારી અને છેલ્લે આંકડાકીય માહિતીની વિશ્લેષણ સહિતની સવિસ્તર સમજૂતી ગ્રંથમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથ શિક્ષણ સંબંધિત વિષયમાં સંશોધનકાર્ય કરતા સંશોધકોએ વિપુલ પ્રમાણમાં અધિકૃત ડેટા પૂરો પાડે છે. શિક્ષણ નીતિ નિર્ધારકો, શિક્ષણના વહીવટદારો, સંશોધકો, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે આ ગ્રંથ રેડી રેફરન્સ સ્ત્રોત તરીકેની ઉત્તમ ગરજ સારે છે.

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અધતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા, તંત્રી, 'દક્ષિણાયન'

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,

ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**

**Published by : J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com

dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
October 2011 For private circulation only Vol. 03 - Issue 67

દરેક માનવીની સફળતા પાછળ કયાંક પણ જબરદસ્ત સચ્ચાઈ, જબરદસ્ત પ્રામાણિકતા રહેલાં હોવાં જ જોઈએ; જીવનમાં તેની અસાધારણ સફળતાનું કારણ એ જ છે.

સ્વામી વિવેકાનંદ

બુધ્ધિશાળી ગણાતો માણસ જ માત્ર એવી રીતે વિચારે છે કે, આટલા પ્રયત્ને હું પરીક્ષા પાસ ન કરી શકયો; હવે મારી જિંદગીનો કોઈ અર્થ નથી. કારણ કે 'પરીક્ષા'ને જ એ પોતાની જિંદગી માની લે છે. નિષ્ફળતાને જીરવવાનું શિક્ષણ એ જીવન જીવવા માટેનું પાયાનું શિક્ષણ છે.

મોહમ્મદ માંકડ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

આજે વાત કરવી છે સફળતા અને નિષ્ફળતાની. વાત એટલા માટે કરવી છે કે, સફળતા સૌને જોઈએ છે અને નિષ્ફળતા કોઈને પસંદ નથી. સફળતાનો વિચાર કરતી વેળાએ આપણે કદાચ એ ભૂલી જઈએ છીએ કે નિષ્ફળતા જ સફળતાની સીડી છે. જિંદગીમાં નિષ્ફળ જઈ હતાશ થનારને બળ મળે, થોડીક કળ વળે એવા શબ્દો કવિ ઉમાશંકર જોશીએ લખ્યા છે. જોઈએ :

"મને મળી નિષ્ફળતા અનેક,
તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં."

શાળાઓમાં બાળક નાનો હોય ત્યારથી જ 'પડતા ઝાળ કરોળિયો ભોંય પડી પછડાય'ની વાત એને શીખવવામાં આવે છે. અનેક વાર ઉપર ચડવામાં નિષ્ફળ થતો કરોળિયો નિરાશ થઈ ઉપર જવાનો વિચાર છોડી નથી દેતો પણ ફરી ફરીને પ્રયત્ન કરે છે અને ઉપર જઈને જ જંપે છે. આટલા નાના અમથા દ્રષ્ટાંતમાંથી ઘણું શીખી શકાય એમ છે. હૈયે હામ હોય તો કશું અશકય નથી હોતું. હામ રાખનારને એણે ઈચ્છેલું ધામ અવશ્ય મળી રહે છે.

ન્યૂયોર્ક મહાનગરની પાસે આવેલ હડસન નદીને કાંઠે રહેતા અમેરિકન લોકગાયક પીટર સીગરના કંઠે ગવાયેલ અને અત્યંત લોકપ્રિય થયેલ લોકગીતમાં અસરકારક વાત કહેવાઈ છે :

"We shall overcome,
We shall overcome some day,
oh deep in my heart,
I do believe,
That we shall overcome some day..."

આ લોકગીતનો અનુવાદ આપણાં ગામડે ગામડે, શાળાએ શાળાએ પહોંચેલો છે. જુઓ :

"હમ હોંગે કામિયાબ, હમ હોંગે કામિયાબ,
હમ હોંગે કામિયાબ એક દિન,
પૂરા હૈ વિશ્વાસ, મન મેં હૈ વિશ્વાસ
હમ હોંગે કામિયાબ એક દિન."

આવો આત્મવિશ્વાસ જેનામાં હોય તે કયારેય, જીંદગીના કોઈ પણ તબકકે નિષ્ફળ ન જાય.

આત્મવિશ્વાસ જ સફળતાની સંજીવની છે. નિષ્ફળતાની ક્ષણે આત્મવિશ્વાસ આશ્વાસન બની જાય છે અને જે તે વ્યકિતમાં એક નવી જ ચેતના, એક નવી જ ઉર્જાનો સંચાર થાય છે. નિષ્ફળતામાંથી જન્મેલી નિરાશાને ધૂળની જેમ ખંખેરી નાખવાની આવડત શિક્ષણના માધ્યમ દ્વારા શીખવવાની છે. શિક્ષાની દિક્ષા પ્રાપ્ત કરનાર નિષ્ફળતાને નિષ્ફળ બનાવે અને સફળતાના શિખરે પહોંચે. વિશ્વના અસંખ્ય મહાન વ્યકિતઓના જીવનને વાંચજો - જાણજો. તમને ખ્યાલ આવશે કે, નિષ્ફળતાની ઊંડી ખીણમાં પછડાયા પછી તેઓ બેઠા થયા અને સફળતાના શિખરે પહોંચ્યા, નવી ઊંચાઈઓ હાંસલ કરી. ઈતિહાસ જેમને મોટા માણસ કહે છે એમના જીવનની ગાડી સફળતાના રસ્તાઓ ઉપર સડસડાટ દોડી નથી ! અનેક તકલીફો, અડચણો, મુશ્કેલીઓ, નિષ્ફળતાઓ એમણે વેઠી છે. નિષ્ફળતાઓમાં પણ એ લોકોએ સ્વસ્થતા ગુમાવી નથી. થાકયા અવશ્ય હશે પણ હાર્યા નથી, વિકટ પરિસ્થિતિઓમાં ડગી ગયા નથી. નિષ્ફળતામાં જ કયાંક સફળતા છૂપાયેલી છે એ ભૂલાવું ન જોઈએ. નિષ્ફળ જવાથી ઘેરી નિરાશા જન્મે તો એના લીધે જીવનનું સત્ત્વ-તત્ત્વ નાશ પામે છે અને પરિણામે સફળતાની તક હાથવગી નથી થતી. નિષ્ફળતામાંથી શીખવાનું છે. પોઝેટિવ થિંકિંગ ઘણી વાર નિષ્ફળતાની કેડી પરથી સફળતાના રાજમાર્ગ પર લઈ જાય છે. નિષ્ફળતાના પહાડો વચ્ચેથી જ સફળતાનું ઝરણું પ્રગટતું-વહેતું હોય છે. નિષ્ફળતાના પથ્થરને સફળતાનું પગથીયું બનાવતાં શીખવે તેનું નામ શિક્ષણ. જાણીતા કવિ શેલીના એટલા જ જાણીતા કાવ્ય 'Ode to the West Wind' ની અંતિમ પંકિતઓ કદાચ તમને પ્રેરણા આપે :

Drive my dead thoughts over the universe
Like withered leaves to quicken a new birth!
And, by the incantation of this verse,
Scatter, as from an unextinguished hearth
Ashes and sparks, my words among mankind!
Be through my lips to unawakened earth
The trumpet of a prophecy! O Wind,
If Winter comes, can Spring be far behind ?

૧૫ ઓકટોબર, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ